મિડ-ડે
સન્ડે-સરતાજ
રવિવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૧૭, મુંબઈ



મોતિયો આવ્યો હોય તો ડિપ્રેશનની સંભાવના વધે : ૨૮

# અતિ ગાજેલા NSEL પ્રકરણના ભેદ-ભરમ અને ષડ્યંત્રની ગાથા

જે માત્ર એક પેમેન્ટ-ક્રાઇસિસ હતી એનો જિજ્ઞેશ શાહની ઔદ્યોગિક સાહસિકતાનો ખાતમો બોલાવી દેવા કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો એની અથથી ઇતિ દાસ્તાન બયાન કરે છે પુસ્તક ધ ટાર્ગેટ

અનિલ પટેલ

ઘણાબધા લોકો જ્યારે કોઈ એક જ વાતની તરફેણ કરતા હોય ત્યારે બે વાત હોઈ શકે: કાં તો આ લોકો બેવકૂફ હોવા જોઈએ (મતલબ કે તેઓ ખરેખર શાની તરફેણ કરી રહ્યા છે એની તેમને ખબર જ નથી!) અગર તો પછી બદમાશ (અર્થાત્ મોરની જેમ કશુંક છુપાવવા જોરશોરથી તરફેણના રાગ આલાપી રહ્યા હોવા જોઈએ!). આપણાં વેદ-પુરાણો અને ઉપનિષદોમાં એકથી વધુ વખત કહેવાયું છે : સત્ય અતિ ગૂઢ છે, સત્ય અતિ સાપેક્ષ છે. સામે દેખાય એને જ સત્ય માની લેવું એ સ્થિતપ્રજ્ઞતાની નિશાની હરગિજ નથી. સત્ય ક્યારેય સીધું, સાદું અને સરળ હોઈ શકે નહીં.

***ફક્ત એક સાદગી જોઈ મેં સફેદ રંગ લીધો મને નહોતી ખબર એમાંય સાત રંગ હશે!***

'ધ ટાર્ગેટ' પુસ્તક વાંચો ત્યારે મગજમાં આ બધી વસ્તુ અવારનવાર આવતી રહે. મૂળ અંગ્રેજીમાં લખાયેલા અને એ જ નામથી ગુજરાતીમાં અનુવાદિત આ પુસ્તકનું કેન્દ્રબિંદુ છે સ્કૅમ કે કૌભાંડના નામે ચગાવાયેલું NSEL પ્રકરણ અને એની આડમાં બેનમૂન ઔદ્યોગિક સાહસિકતાનો ખાતમો બોલાવી દેવા થયેલો કારસો. ઇન્વેસ્ટિગેટિવ જર્નલિઝમની દુનિયામાં જાણીતા શાંતનુ ગુહા રે દ્વારા લખાયેલું આ પુસ્તક વાચકને હરીફાઈની દુનિયાના નિષ્ઠુર આટાપાટાથી અને સત્તાભૂખ્યા પૉલિટિશિયન્સ અને બ્યુરોક્રેટ્સ સાથેના એના તાણાવાણાથી પરિચિત કરાવે છે. પોતાની સ્વાર્થપરાયણતા માટે આ લોકો કઈ હદ સુધી જઈ શકે છે એનું ઉદાહરણ તમને 'ધ ટાર્ગેટ'માંથી મળશે.

NSEL પ્રકરણ મૂળભૂત રીતે એક પ્રકારની પેમેન્ટ-ક્રાઇસિસ હતું. આ ક્રાઇસિસ જાણીજોઈને કેવી રીતે ઊભી થવા દેવાઈ? એને પદ્ધતિસર કેવી રીતે અને શા માટે વકરવા દેવાઈ? એને સ્કૅમ કે કૌભાંડના વાઘા પહેરાવી દેવા માટે કેવા-કેવા પ્રયાસ થયા? આ બધા પાછળનો મૂળ આશય કયો હતો? ખરા ષડ્યંત્રકારી કોણ હતા? તેમનો મૂળ શિકાર કોણ હતું? આ તમામ સવાલના મુદ્દાસર, નક્કર દસ્તાવેજી પુરાવા સાથેના જવાબ તમને આ પુસ્તકમાંથી મળશે.

માત્ર દસ વર્ષના ગાળામાં ભારત, દુબઈ, સિંગાપોર, આફ્રિકા સહિતના દેશોમાં ઇક્વિટી, કરન્સી, કૉમોડિટી, બૉન્ડ, ઇલેક્ટ્રિસિટી જેવી વૈવિધ્યસભર ઍસેટ્સના ટ્રેડિંગ માટેના એક્સચેન્જ-બિઝનેસની દુનિયામાં જિજ્ઞેશ શાહ નામના યુવા સાહસિકે ડંકો વગાડી દીધો. એકલા હાથે અડધી દુનિયામાં દસ-દસ અત્યાધુનિક એક્સચેન્જિસ ધમધમતાં કરી બતાવ્યાં. આ રિયલ મેક ઇન ઇન્ડિયા હતું અને કોઈ પણ પૉલિટિકલ ગૉડફાધર કે સ્થાપિત હિતોની જરાય બિનજરૂરી ખુશામત યા શેહ-શરમ કે પછી રહેમ-રાહ વગર આ માણસે આ ગજબનું કારનામું કરી દેખાડ્યું! પછી સ્થાપિત હિતો અને હરીફોના પેટમાં તેલ રેડાય એ બહુ સ્વાભાવિક છે. જિજ્ઞેશ શાહે ઔદ્યોગિક સાહસિકતાની દુનિયામાં બહુ મોટાં સપનાં જોયાં, એ સપનાં બહુ જ સરસ રીતે સાકાર કરી બતાવ્યાં અને એની સાથે-સાથે તેમના હિતશત્રુઓની સંખ્યા પણ વધતી ગઈ. સમય વર્તે સાવધાનવાળી ઉક્તિને અપનાવી દુનિયાદારી દાખવી હોત, સ્થાપિત હિતો સાથે સમાધાન કર્યું હોત તેમ જ દિલ્હીના દેવતાઓના દરબારમાં કદમબોસી કરી લીધી હોત તો કહાની જુદી હોત, તેમણે વર્ષોની જાતમહેનતથી જમાવેલું બિઝનેસ-એમ્પાયર હેમખેમ હોત. જોકે જો આવું થયું હોત તો પછી આ માણસ જિજ્ઞેશ શાહ તો હરગિજ ન હોત! જે લોકો દિલથી સપનાં જુએ છે અને એને સાકાર કરવા પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર રહે છે તેમને સમાધાનો ફાવતાં નથી, દુનિયાદારી માફક આવતી નથી. યાત્રાની યાતના વેઠવા તૈયાર રહેનારા આવા ખુદ્દાર માણસની જિંદગીમાં પછી યાતનાની યાત્રાનો સમય આવે એમાં નવાઈ શી?

૫૬૦૦ કરોડ રૂપિયાનું NSEL પ્રકરણ મૂળભૂત રીતે માત્ર ને માત્ર એક પ્રકારની પેમેન્ટ-ક્રાઇસિસ હતી. આ કટોકટીને ખરેખર ટાળી શકાઈ હોત; પરંતુ એને બદલે એને વકરવા દેવાઈ, જાણીજોઈને સ્થિતિ વધુ ખરાબ થવા દેવાઈ. બીજું, દેશના ઇતિહાસમાં સ્કૅમના વાઘા પહેરાવી દેવાયેલી આ એક એવી અનોખી ઘટના છે જેમાં સંકળાયેલી ૫૬૦૦ કરોડ રૂપિયાની રકમમાંથી કોણ કેટલાં નાણાં કેવી રીતે લઈ ગયું અને એનો ક્યાં-ક્યાં ઉપયોગ કર્યો એની તમામ વિગતો મોજૂદ છે. વળી ૫૬૦૦ કરોડમાંથી એક રાતી પાઈ પણ જિજ્ઞેશ શાહ અને તેમના પરિવાર પાસે કે હાલની ૬૩ મૂન્સ ટેક્નોલૉજીઝ યા એના શેરધારકોના ઘરમાં ગઈ હોય એવો એક પણ પુરાવો નથી. ડઝનબંધ સરકારી એજન્સીઓની રાત-દિવસની તપાસ, સંખ્યાબંધ સર્ચ-ઑપરેશન અને એકાંગી કે એકપક્ષીય જેહાદ પછીયે જિજ્ઞેશ શાહ વિરુદ્ધ નક્કર કશું જ મળ્યું નથી. ૫૬૦૦ કરોડ રૂપિયાનાં પેમેન્ટ્સની જેમની સત્તાવાર રીતે જવાબદારી છે એના ગણ્યા-ગાંઠ્યા માંડ ડઝન જેટલા ડિફૉલ્ટર્સનો વાળ પણ વાંકો થયો નથી. જિજ્ઞેશ શાહને ત્રણ-ત્રણ વખત અરેસ્ટ કરાયા છે અને પછી પુરાવાના અભાવે છોડી મૂકવા પડ્યા છે અને મોટા ગજાના ડિફૉલ્ટર્સ તથા બ્રોકર્સ સામે કંઈ જ થતું નથી! એક્સચેન્જ-બિઝનેસ જેમના લોહીના લયમાં હતો તે જિજ્ઞેશ શાહને બિઝનેસમાંથી સદંતર બહાર કરી દેવાયા છે. એક્સચેન્જિસમાંનો હિસ્સો સસ્તામાં પડાવી લેવામાં સ્થાપિત હિતો સફળ થયાં છે. દેણદારો પાસે ઝડપથી કડક વસૂલાત કરવાને બદલે NSELને FT સાથે મર્જ કરીને એની રિઝર્વ પર ધાડ પાડવાની વેતરણ હાથ ધરાઈ છે. આ બધું લોકહિતના નામે થઈ રહ્યું છે. ક્યા લોકોનું હિત છે આ?

NSEL પ્રકરણની આડમાં વ્યાવસાયિક સ્પર્ધા, હરીફનું કામ તમામ કરવાનો કારસો, આ કારસામાં કુટિલ ત્રિપુટી અર્થાત્ તત્કાલીન નાણાપ્રધાન પી. ચિદમ્બરમ, નાણાસચિવ કે. પી. ક્રિષ્નન તથા FMCના રમેશ અભિષેકની વરવી ભૂમિકાનો પર્દાફાશ આ પુસ્તકમાં જે હિંમતથી કરવામાં આવ્યો છે એ ખરેખર સરાહનીય છે. અહીં એક ભગત સિંહ પાકે છે તો સામે ૧૦૦૦ જયચંદો અને રંગા-બિલ્લા પેદા થાય છે! જાડો નર જોઈને શૂળીએ ચડાવવાની કવાયત આ દેશના સ્વાર્થી શાસકોને કોઠે પડી ગઈ છે. જુઠાણાંની બોલબાલા અને સત્યની અગ્નિપરીક્ષાનો સિલસિલો રામાયણકાળથી ચાલ્યો આવે છે. લોકહિતના નામે છળકપટ, સ્વાર્થપરાયણતા અને કારસ્તાનોની કહાણી 'ધ ટાર્ગેટ'માં છે. સૌથી મહત્ત્વની વાત : આ બધા ખેલમાં સ્વપ્નદ્રષ્ટાનો કેવો ભોગ લેવાઈ રહ્યો છે અને એનાથી દેશને કેટલી પારાવાર હાનિ થઈ રહી છે એનો સ્પષ્ટ ચિતાર લેખકે આપ્યો છે.

***NSEL = નૅશનલ સ્પૉટ એક્સચેન્જ લિમિટેડ, FMC = ફૉર્વર્ડ માર્કેટ કમિશન, FT = ફાઇનૅન્શિયલ ટેક્નોલૉજીઝ***




## યુવા સાહસિકોએ આ પુસ્તક શા માટે વાંચવું જરૂરી છે?

**આજની** યુવા પેઢીએ આ પુસ્તક ખાસ વાંચવું જોઈએ. વિશેષ કરીને યુવા સાહસિકોએ, જેઓ બિઝનેસ-ક્ષેત્રે ઝંપલાવી ચૂક્યા છે અથવા ઝંપલાવવા સજ્જ થઈ રહ્યા છે તેમના માટે આ પુસ્તકમાં ઘણી શીખ અને સબક છે. સાચી સાહસિકતા સામે કેવા સંઘર્ષ આવે છે અને રાજકારણીઓ તેમ જ અમલદારશાહી તેમની સામે કેવા અવરોધો ઊભા કરી શકે છે, હરીફો તેને પહોંચી નથી વળતા એટલે કેવા પેંતરા કે કાવાદાવા રચે છે એ સમજવા માટે આ વાંચન જરૂરી છે. જે વ્યક્તિ દેશના અને અર્થતંત્ર તથા બજારોના હિતમાં સચોટ કામ કરીને, એનું પરિણામ આપીને પુરવાર કરી ચૂકી છે એ સાહસિક વ્યક્તિને બિઝનેસમાંથી દૂર કરી દેવામાં આવે, એ પણ ન્યાયની અદાલતના ચુકાદા પહેલાં, એમાં ક્યાં ન્યાય છે? આ સવાલ કેટલો વાજબી છે એનો જવાબ આ પુસ્તક વાંચનારને જિજ્ઞેશ શાહનાં અન્ય સર્જનો-સાહસો પરથી સમજાઈ જશે.

**ધ ટાર્ગેટ**

**લેખક-પ્રકાશક : શાંતનુ ગુહા રે**
**મુદ્રક : સૌરભ પ્રિન્ટર્સ**
**વિતરણ : ઑથર્સઅપફ્રન્ટ**
**કિંમત : ૧૯૫ રૂપિયા,**
**પૃષ્ઠ : ૨૫૬**